લીંબડી શ્રી જશવંતસિંહ પ્રિન્ટિંગ પ્રેસ તથા
અમદાવાદ-ધી ચંદ્રપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સને ૧૯૦૨—સંવત ૧૯૫૮.

કિંમત રૂ. ૦-૧-૬

નવા ધોરણ પ્રમાણે.

પેહેલા ધોરણની સંક્ષેપ નોટ.

જેની અંદર ગૂજરાતી અને બાળબોધ મૂળાક્ષરો, બારાક્ષરી, આંક, પાઠના અર્થ, ચલણી નાણાની ધાત, પદાર્થ પાઠો, અને શિખામણની કવિતાઓ સહિત સમાવેશ કરેલો છે.

પ્રગટ કરનાર.

અમીચંદ એન્ડ નાગરદાસની કંપની.

લીંબડી—કાઠિયાવાડ.

આવૃત્તિ ૧ લી.

લીંબડી શ્રી જશવંતસિંહ પ્રિન્ટિંગ પ્રેસ તથા અમદાવાદ-ધી ચંદ્રપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સને ૧૯૦૨—સંવત ૧૯૫૮.

કિંમત રૂ. ૦-૧-૬

પ્રસ્તાવના.

આ ધોરણ ભણનાર વિદ્યાર્થીઓ ઘણી નાની ઉમરના હોય-છે. વળી હાલમાં ચાલતા ધોરણો પ્રમાણે **પદાર્થ પાઠોનો** વિષય નવો દાખલ કરેલો છે. તે નાના બાળકોને શીખવાને જરા અઘરો લાગે તેમ છે. જેથી કુમળી વયના વિદ્યાર્થીઓની કોમળ શકિતને મુળથીજ ખીલવવા માટે આ બુકમાં આપેલા પદાર્થ પાઠો એવી તો સરળ સંકળતાથી રચેલા છે, કે બાળકો હોંશે હોંશે ગમતની સાથે શિક્ષણ લઈ શકે. વળી તેમને ગુજરાતી અક્ષરનું જ્ઞાન પ્રથમથીજ આપવાનું હોવાથી આ બુકમાં મોટા, નાના, ઝીણા એમ જ્યાં જોઇએ ત્યાં તેવા ટાઇપ ગોઠવેલા છે. અમારી નવા ધોરણ પ્રમાણે બનાવેલી **ત્રીજા, ચોથાની** બુકો વિદ્યાર્થીઓને સર્વ માન્ય થઇ પડવાથી આ બુક બહાર પાડી છે. તો આ પોથી નાના વિદ્યાર્થીઓના ઉપયોગમાં આવશે, એટલે અમારો કરેલો પ્રયાસ સફળ થયો માનીશું.

નરસ બુક ઓફીસ. } **પ્રગટ કર્તા.**
લીંબડી—કાઠિયાવાડ.

गूजराती पेहेला धोरणनी

संक्षेप नोट.

મૂળાક્ષરો.

ગૂજરાતી વ્યંજનો.

ક	ખ	ગ	ઘ	ઙ
ચ	છ	જ	ઝ	ઞ
ટ	ઠ	ડ	ઢ	ણ
ત	થ	દ	ધ	ન

પ	ફ	બ	ભ	મ
ય	ર	લ	વ	શ

ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ

ગુજરાતી સ્વરો.

અ	આ	ઇ	ઈ	ઉ	ઊ
એ	ઐ	ઓ	ઔ	અં	અઃ

બાળબોધ વ્યંજનો.

क ख ग घ ङ च छ ज झ ञ ट

ठ ड ढ ण त थ द ध न प फ ब भ

म य र ल व श ष स ह ळ क्ष ज्ञ.

बाळबोध स्वरो.

अ	आ	इ	ई	उ	ऊ
ए	ऐ	ओ	औ	अं	अः

ગુજરાતી બારાક્ષરી.

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ખ ખા ખિ ખી ખુ ખૂ ખે ખૈ ખો ખૌ ખં ખઃ

ગ ગા ગિ ગી ગુ ગૂ ગે ગૈ ગો ગૌ ગં ગઃ

ઘ ઘા ઘિ ઘી ઘુ ઘૂ ઘે ઘૈ ઘો ઘૌ ઘં ઘઃ

ચ ચા ચિ ચી ચુ ચૂ ચે ચૈ ચો ચૌ ચં ચઃ

છ છા છિ છી છુ છૂ છે છૈ છો છૌ છં છઃ

જ જા જિ જી જુ જૂ જે જૈ જો જૌ જં જઃ

ઝ ઝા ઝિ ઝી ઝુ ઝૂ ઝે ઝૈ ઝો ઝૌ ઝં ઝઃ

ટ ટા ટિ ટી ટુ ટૂ ટે ટૈ ટો ટૌ ટં ટઃ

ઠ ઠા ઠિ ઠી ઠુ ઠૂ ઠે ઠૈ ઠો ઠૌ ઠં ઠઃ

ડ ડા ડિ ડી ડુ ડૂ ડે ડૈ ડો ડૌ ડં ડઃ

ઢ ઢા ઢિ ઢી ઢુ ઢૂ ઢે ઢૈ ઢો ઢૌ ઢં ઢઃ

ણ ણા ણિ ણી ણુ ણૂ ણે ણૈ ણો ણૌ ણં ણઃ

ત તા તિ તી તુ તૂ તે તૈ તો તૌ તં તઃ

થ થા થિ થી થુ થૂ થે થૈ થો થૌ થં થઃ

દ દા દિ દી દુ દૂ દે દૈ દો દૌ દં દઃ

ધ ધા ધિ ધી ધુ ધૂ ધે ધૈ ધો ધૌ ધં ધઃ

ન ના નિ ની નુ નૂ ને નૈ નો નૌ નં નઃ

પ પા પિ પી પુ પૂ પે પૈ પો પૌ પં પઃ

ફ ફા ફિ ફી ફુ ફૂ ફે ફૈ ફો ફૌ ફં ફઃ

બ બા બિ બી બુ બૂ બે બૈ બો બૌ બં બઃ

ભ ભા ભિ ભી ભુ ભૂ ભે ભૈ ભો ભૌ ભં ભઃ

મ મા મિ મી મુ મૂ મે મૈ મો મૌ મં મઃ

ય યા યિ યી યુ યૂ યે યૈ યો યૌ યં યઃ

ર રા રિ રી રુ રૂ રે રૈ રો રૌ રં રઃ

લ લા લિ લી લુ લૂ લે લૈ લો લૌ લં લઃ

વ વા વિ વી વુ વૂ વે વૈ વો વૌ વં વઃ

શ શા શિ શી શુ શૂ શે શૈ શો શૌ શં શઃ

ષ ષા ષિ ષી ષુ ષૂ ષે ષૈ ષો ષૌ ષં ષઃ

સ સા સિ સી સુ સૂ સે સૈ સો સૌ સં સઃ

હ હા હિ હી હુ હૂ હે હૈ હો હૌ હં હઃ

ળ ળા ળિ ળી ળુ ળૂ ળે ળૈ ળો ળૌ ળં ળઃ

ક્ષ ક્ષા ક્ષિ ક્ષી ક્ષુ ક્ષૂ ક્ષે ક્ષૈ ક્ષો ક્ષૌ ક્ષં ક્ષઃ

જ્ઞ જ્ઞા જ્ઞિ જ્ઞી જ્ઞુ જ્ઞૂ જ્ઞે જ્ઞૈ જ્ઞો જ્ઞૌ જ્ઞં જ્ઞઃ

बाळबोध बाराक्षरी.

क का कि की कु कू के कै को कौ कं कः

ख खा खि खी खु खू खे खै खो खौ खं खः

ग गा गि गी गु गू गे गै गो गौ गं गः

घ घा घि घी घु घू घे घै घो घौ घं घः

च चा चि ची चु चू चे चै चो चौ चं चः

छ छा छि छी छु छू छे छै छो छौ छं छः

ज जा जि जी जु जू जे जै जो जौ जं जः

झ झा झि झी झु झू झे झै झो झौ झं झः

ट टा टि टी टु टू टे टै टो टौ टं टः

ठ ठा ठि ठी ठु ठू ठे ठै ठो ठौ ठं ठः

ड डा डि डी डु डू डे डै डो डौ डं डः

ढ ढा ढि ढी ढु ढू ढे ढै ढो ढौ ढं ढः

ण णा णि णी णु णू णे णै णो णौ णं णः

त ता ति ती तु तू ते तै तो तौ तं तः

थ था थि थी थु थू थे थै थो थौ थं थः

द दा दि दी दु दू दे दै दो दौ दं दः

ध धा धि धी धु धू धे धै धो धौ धं धः

न ना नि नी नु नू ने नै नो नौ नं नः

प पा पि पी पु पू पे पै पो पौ पं पः


फ फा फि फी फु फू फे फै फो फौ फं फः

ब बा बि बी बु बू बे बै बो बौ बं बः

भ भा भि भी भु भू भे भै भो भौ भं भः

म मा मि मी मु मू मे मै मो मौ मं मः

य	या	यि	यी	यु	यू	ये	यै	यो	यौ	यं	यः
र	रा	रि	री	रु	रू	रे	रै	रो	रौ	रं	रः
ल	ला	लि	ली	लु	लू	ले	लै	लो	लौ	लं	लः
व	वा	वि	वी	वु	वू	वे	वै	वो	वौ	वं	वः
श	शा	शि	शी	शु	शू	शे	शै	शो	शौ	शं	शः
ष	षा	षि	षी	षु	षू	षे	षै	षो	षौ	षं	षः
स	सा	सि	सी	सु	सू	से	सै	सो	सौ	सं	सः
ह	हा	हि	ही	हु	हू	हे	है	हो	हौ	हं	हः
ळ	ळा	ळि	ळी	ळु	ळू	ळे	ळै	ळो	ळौ	ळं	ळः
क्ष	क्षा	क्षि	क्षी	क्षु	क्षू	क्षे	क्षै	क्षो	क्षौ	क्षं	क्षः
ज्ञ	ज्ञा	ज्ञि	ज्ञी	ज्ञु	ज्ञू	ज्ञे	ज्ञै	ज्ञो	ज्ञौ	ज्ञं	ज्ञः



૧	૧	૧	૧	૨	૨	૧	૩	૩	૧	૪	૪	૧	૫	૫
૨	૧	૨	૨	૨	૪	૨	૩	૬	૨	૪	૮	૨	૫	૧૦
૩	૧	૩	૩	૨	૬	૩	૩	૯	૩	૪	૧૨	૩	૫	૧૫
૪	૧	૪	૪	૨	૮	૪	૩	૧૨	૪	૪	૧૬	૪	૫	૨૦
૫	૧	૫	૫	૨	૧૦	૫	૩	૧૫	૫	૪	૨૦	૫	૫	૨૫
૬	૧	૬	૬	૨	૧૨	૬	૩	૧૮	૬	૪	૨૪	૬	૫	૩૦
૭	૧	૭	૭	૨	૧૪	૭	૩	૨૧	૭	૪	૨૮	૭	૫	૩૫
૮	૧	૮	૮	૨	૧૬	૮	૩	૨૪	૮	૪	૩૨	૮	૫	૪૦
૯	૧	૯	૯	૨	૧૮	૯	૩	૨૭	૯	૪	૩૬	૯	૫	૪૫
૧૦	૧	૧૦	૧૦	૨	૨૦	૧૦	૩	૩૦	૧૦	૪	૪૦	૧૦	૫	૫૦

૧	૬	૬	૧	૭	૭	૧	૮	૮	૧	૯	૯	૧	૧૦	૧૦
૨	૬	૧૨	૨	૭	૧૪	૨	૮	૧૬	૨	૯	૧૮	૨	૧૦	૨૦
૩	૬	૧૮	૩	૭	૨૧	૩	૮	૨૪	૩	૯	૨૭	૩	૧૦	૩૦
૪	૬	૨૪	૪	૭	૨૮	૪	૮	૩૨	૪	૯	૩૬	૪	૧૦	૪૦
૫	૬	૩૦	૫	૭	૩૫	૫	૮	૪૦	૫	૯	૪૫	૫	૧૦	૫૦
૬	૬	૩૬	૬	૭	૪૨	૬	૮	૪૮	૬	૯	૫૪	૬	૧૦	૬૦
૭	૬	૪૨	૭	૭	૪૯	૭	૮	૫૬	૭	૯	૬૩	૭	૧૦	૭૦
૮	૬	૪૮	૮	૭	૫૬	૮	૮	૬૪	૮	૯	૭૨	૮	૧૦	૮૦
૯	૬	૫૪	૯	૭	૬૩	૯	૮	૭૨	૯	૯	૮૧	૯	૧૦	૯૦
૧૦	૬	૬૦	૧૦	૭	૭૦	૧૦	૮	૮૦	૧૦	૯	૯૦	૧૦	૧૦	૧૦૦

૧૧	૧	૧૧	૧૨	૧	૧૨	૧૩	૧	૧૩	૧૪	૧	૧૪	૧૫	૧	૧૫
૧૧	૨	૨૨	૧૨	૨	૨૪	૧૩	૨	૨૬	૧૪	૨	૨૮	૧૫	૨	૩૦
૧૧	૩	૩૩	૧૨	૩	૩૬	૧૩	૩	૩૯	૧૪	૩	૪૨	૧૫	૩	૪૫
૧૧	૪	૪૪	૧૨	૪	૪૮	૧૩	૪	૫૨	૧૪	૪	૫૬	૧૫	૪	૬૦
૧૧	૫	૫૫	૧૨	૫	૬૦	૧૩	૫	૬૫	૧૪	૫	૭૦	૧૫	૫	૭૫
૧૧	૬	૬૬	૧૨	૬	૭૨	૧૩	૬	૭૮	૧૪	૬	૮૪	૧૫	૬	૯૦
૧૧	૭	૭૭	૧૨	૭	૮૪	૧૩	૭	૯૧	૧૪	૭	૯૮	૧૫	૭	૧૦૫
૧૧	૮	૮૮	૧૨	૮	૯૬	૧૩	૮	૧૦૪	૧૪	૮	૧૧૨	૧૫	૮	૧૨૦
૧૧	૯	૯૯	૧૨	૯	૧૦૮	૧૩	૯	૧૧૭	૧૪	૯	૧૨૬	૧૫	૯	૧૩૫
૧૧	૧૦	૧૧૦	૧૨	૧૦	૧૨૦	૧૩	૧૦	૧૩૦	૧૪	૧૦	૧૪૦	૧૫	૧૦	૧૫૦

૧૬	૧	૧૬	૧૭	૧	૧૭	૧૮	૧	૧૮	૧૯	૧	૧૯	૨૦	૧	૨૦
૧૬	૨	૩૨	૧૭	૨	૩૪	૧૮	૨	૩૬	૧૯	૨	૩૮	૨૦	૨	૪૦
૧૬	૩	૪૮	૧૭	૩	૫૧	૧૮	૩	૫૪	૧૯	૩	૫૭	૨૦	૩	૬૦
૧૬	૪	૬૪	૧૭	૪	૬૮	૧૮	૪	૭૨	૧૯	૪	૭૬	૨૦	૪	૮૦
૧૬	૫	૮૦	૧૭	૫	૮૫	૧૮	૫	૯૦	૧૯	૫	૯૫	૨૦	૫	૧૦૦
૧૬	૬	૯૬	૧૭	૬	૧૦૨	૧૮	૬	૧૦૮	૧૯	૬	૧૧૪	૨૦	૬	૧૨૦
૧૬	૭	૧૧૨	૧૭	૭	૧૧૯	૧૮	૭	૧૨૬	૧૯	૭	૧૩૩	૨૦	૭	૧૪૦
૧૬	૮	૧૨૮	૧૭	૮	૧૩૬	૧૮	૮	૧૪૪	૧૯	૮	૧૫૨	૨૦	૮	૧૬૦
૧૬	૯	૧૪૪	૧૭	૯	૧૫૩	૧૮	૯	૧૬૨	૧૯	૯	૧૭૧	૨૦	૯	૧૮૦
૧૬	૧૦	૧૬૦	૧૭	૧૦	૧૭૦	૧૮	૧૦	૧૮૦	૧૯	૧૦	૧૯૦	૨૦	૧૦	૨૦૦

ચલણી નાણાંની ધાત.	
૩ પાઇનો	૧ પૈસો.
૨ અધેલે	૧ પૈસો.
૨ પૈસાનો	૧ ઢબુ.
૩ પૈસાનો ૧ ટકો.	
૪ પૈસાનો	૧ આનો.
૨ આનાની	૧ બે આની.
૪ આનાની	૧ પાવલી.
૮ આનાનો	૧ અરધો.
૧૬ આનાનો	૧ રૂપિયો.

૧૬ આનાના	૬૪ પૈસા.
૧૨ આનાના	૪૮ પૈસા.
૮ આનાના	૩૨ પૈસા.
૪ આનાના	૧૬ પૈસા.
૨ આનાના	૮ પૈસા.
૧ આનાના	૪ પૈસા.
૧ પૈસાની	૩ પાઇ.
૨ પૈસાની	૬ પાઇ.
૩ પૈસાની	૯ પાઇ.
૪ પૈસાની	૧૨ પાઇ.

બસેં સુધીની સંખ્યા આવે તેવા મોઢે હિસાબ ગણવાના.

મારી પાસે ૧૦ દાડમ છે અને મારા ભાઇએ બીજા ૨૦ દાડમ આપ્યા તો કુલ કેટલા થયા?

૫૦ કેરીઓ છે તેમાં ૩૦ કેરીઓનો રસ કાઢયો બાકી કેટલી કેરીઓ રહી?

૧૦૦ રૂપિયા છે. દરેકને દસ દસ આપ્યા તો કેટલા દસકા અપાયા?

૭૫ નારંગીઓ છે. દરેકને દસ દસ આપી તો કેટલા દસકા આપી ને બાકી કેટલી વધી?

૨૦૦ રૂપિયામાં દસ દસકા રૂપિયા વેંચી દીધા બાકી કેટલા દસકા રૂપિયા રહ્યા.

ગુજરાતી નવી પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

હળ=ખેતર ખેડવાનું ઓજાર.

પાઠ ૨ જો.

બા=બાપનો બાપ.

પાઠ ૩ જો.

કાકા=બાપનો નાનો ભાઇ.

મામા=માનોભાઇ.

દાદા=બાનો બાપ.

તાતા=રોટલી.

ઘાસ=ખડ.

ભાત=રાંધેલા ચોખા.

પાઠ ૬ ઠો.

કાકી=કાકાની વહુ.

મામી=મામાની વહુ.

માશી=માની બેન.

ભાભી=ભાઇની વહુ

દાદી=મોટીમા.

બંધકર=વાશ.

પાઠ ૭ મો.

જીજી=બા.

ગીત=ગાણાં. [વગેરે.
ભાજી=મેથી, તાંદળજો
પાઠ ૧૦ મો.
વાજુ=રાગ નીકળે એવું રમકડું.
ભૂ=પાણી.
પાઠ ૧૫ મો.
પાકી=ગળી.
પાઠ ૧૬ મો.
ચરે=ઉભી ઉભી ખાય
પાઠ ૨૨ મો.
તોપ=બંદૂક કરતાં મોટો અવાજ થાય તે.
પાઠ ૨૮ મો.
પશુ=ચાર પગ વાળાં જનાવર.
રૂપાળો=શોભીતો.
પાઠ ૨૯ મો.
ખોંખારે છે=હણહણે છે.
પાઠ ૩૦ મો.
ફોઇ=બાપની બેન.
પાઠ ૩૧ મો.
આમતેમ=આડીઅવળી.
તાકી=જોઇ.
પાઠ ૩૨ મો.
રોજ=હમેશાં.
મીઠું=સારૂં.
પાઠ ૩૪ મો.
ડાહી=સમજણી.

પાઠ ૩૫ મો.
ઠોઠ=અભણુ.
પાઠ ૩૬ મો.
સુંદર=સારૂં.
ખુશી=રાજી
પાઠ ૩૭ મો.
કૂદતું કૂદતું=ઠેકડા મારતું.
વાહાલાં=સારાં
પાઠ ૩૮ મો.
પારકો=બીજાનો
ઘેલો=ગાંડો.
પાઠ ૩૯ મો.
ચળકતી=શોભીતી.
કલગી=છોગું.
ઝુંડમાં=જથામાં.
ધીમાધીમી=હળવેહળવે
શોધેછે=ગોતેછે.
અવાજથી=સાદથી.
નાચેછે=કૂદેછે.
મજા=આનંદ.
પાઠ ૪૦ મો.
ખોતરેછે=ખોદેછે.
ચણવા=ખાવા.
પાઠ ૪૨ મો.
રવાઈ=દહીં વલોવવાનો (વાંસ)
પાઠ ૪૩ મો.
તૈયાર=હાજર.

પાઠ ૪૪ મો.
પીઠ=વાંસો.
ભડકે છે=બીએ છે.
પાઠ ૪૫ મો
દરજી=મેરઇ, સઇ.
બેસતુ=ચોપાચોપ.
ભલો=સારો.
ફેરા=આંટા.
પાઠ ૪૮ મો.
કાચુ=પકવ્યા વગરનું
પાઠ ૪૯ મો.
ટોપલી=સુંડલી.
ઓરતી=નાંખતી.
વીસામો=થાક.
પાઠ ૫૦ મો.
મેમાન=પરાયામાણસ.
સમજ=ખબર.
તુરીઆં=જીસોડાં.
વેંગણ=રીંગણાં.
પાઠ ૫૨ મો.
ગરીબ=ડાહ્યો.
પાઠ ૫૩ મો.
કંદોઇની=સુખડીઆની.
મીઠાઇ=પકવાન
સેવ=કળી.
પાઠ ૫૪ મો.
વેળા=વખત.
વાટ=રાહ.
હસતુંઆવ્યું=ખુશીથયા

ગુજરાતી પહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

માતા=મા, જણેતા.
બા=બેહેન.

પાઠ ૨ જો.

ભૂ=પાણી.
પા=પીવરાવ.

પાઠ ૩ જો.

જા=જવું

પાઠ ૪ થો.

બા=બાપનો બાપ, મા નો બાપ.

પાઠ ૫ મો.

જો=નજર કર.

પાઠ ૬ ઠો.

ખા=ખાઇજા, જમ.

પાઠ ૭ મો.

બી=બીજ, ઠળીઓ.

પાઠ ૮ મો.

લે=પકડ, ઝાલ.

પાઠ ૯ મો.

જી=જીજી.
ના=નહિ.

પાઠ ૧૧ મો.

તાતા=રોટલી.
છી=ખરાબ, મેલું, ગંદુ.

પાઠ ૧૨ મો.

બાઉ=મીઠાઇ, લાડુ.

પાઠ ૧૪ મો.

વાવા=સારૂં, મજેનું.
મારૂં=પોતાનું.

પાઠ ૧૫ મો.

મને=પોતાને.
લાવ=લઇ આવ.
ખાજે=ખાઇજજે, જમજે
પીઉં=પીજાઉં.

પાઠ ૧૭ મો.

ત્યાં=તે ઠેકાણે.
તલ=દાણા છે તેમાંથી તેલ નીકળે છે.
મામો=માનો ભાઇ.

પાઠ ૧૮ મો.

દે=આપ
ભાત=રાંધેલા ચોખા.
ખાવા=જમવા.
જોવા=તપાસવા.

પાઠ ૧૯ મો.

નહિ=ના.
પછી=જરા રહીને.

પાઠ ૨૦ મો.

જોવું=ભાળવું.

પાઠ ૨૧ મો.

તારે=પોતાને

પાઠ ૨૨ મો.

ભાવશે=પસંદ પડશે.
માજી=મા.

પાઠ ૨૩ મો.

શાક=ભાજીપાલો.
દાળ=મગ, અડદ વિગેરેને ભરડી દાળ કરેલ હોય તે.
ઉંઘે=સુઇ રહે.
દેશે=આપશે.

પાઠ ૨૪ મો.

જોઉં=દેખવું, જોવું.

પાઠ ૨૫ મો.

નથી=છે નહીં.
કાકા=બાપના નાના ભાઇ.
ક્યાં=કયે ઠેકાણે.

પાઠ ૨૬ મો.

કાંઇ=લગાર, થોડું.
આપું=દઉં.
એન=બા.
વાત=કથા કહાણી.
કહું=બોલું.

પાઠ ૨૭ મો.

કોણ=કયો.
માસી=માની બેહેન.

ભાઇ=બંધવ.

પાઠ ૨૮ મો.

જાણે=ખબર પડે.
મસ=વધારે, ઝાઝું.
આપીશ=દઇશ.
લાવી=આણી.
કરશે=બનાવશે.
ખાશે=જમશે.
સરત=ખબર.

પાઠ ૨૯ મો.

માગે=માગણી કરે.
કહ્યું=બોલ્યું,
જોઇશે=ખપ પડશે.
પુરી=ઘઉંની નાની તળેલી રોટલી.

પાઠ ૩૦ મો.

જુઓ=ભાળો.
કેરી=આંબાનું ફળ.

પાઠ ૩૧ મો.

ભુખ=ખાવાનું મન થવું.
બહાર=મારગમાં.

પાઠ ૩૨ મો.

પાસે=ચઢમાં
ભાભી=ભાઇની વહુ.
ક્યારે=કયે વખતે.
ત્યારે=તે વખતે.
ગઇ=ચાલતી થઇ.

પાઠ ૩૩ મો.

ગુંદર=બાવળના ઝાડનો ચીકણો રસ.
કાલે=આવતે દહાડે
લેતી=લાવતી.

પાઠ ૩૫ મો.

પૈસો=જંઇ,કાવડીયું ફદીયું.
જોડે=સાથે
તેડી=ઉચકી, લઇ.
આપણા=પોતાના.
નાની=ટુંકી.

પાઠ ૩૬ મો.

સારો=રૂપાળો.
માટે=વાસ્તે.
લીધો=લાવ્યો.

પાઠ ૩૭ મો.

વારે=વખતે.
ખુમો=શડો, ઘાંટો.
થયું=બન્યું.
પાડો=કાઢો.

પાઠ ૩૮ મો.

છોકરા=બાળક.
જાડો=મજબૂત.
ચાકર=નોકર.

પાઠ ૩૯ મો.

આણું=લાવું.
બહુ=વધારે.
ખપ=જરૂર.
કને=ચઢમાં, પાસે.
કાચા=રાંધ્યા વગરના

પાઠ ૪૦ મો.

ભલી=સારી, ડાહી.
રાંધે=પકવે.
ખાધા=જમ્યા.
ખવાડતાં=જમાડતાં.
દહાડે=દિવસે.

પાઠ ૪૧ મો.

બાપડા=બિચારા.
ધીમેધીમે=હળવેહળવે.
ચાલેછે=હીંડેછે.
અમે=પોતે.
ઝટ=જલદી
ઉતાવળ=એકદમ.
શેરી=ફળીયું.
ડોશી=ઘરડી બાઇડી.
હીંડાતું=ચલાતું.
ભલા=સારા
પેટભરેછે=ગુજરાન ચલાવે છે.

પાઠ ૪૨ મો.

ચોળ=મસળ
વેળા=વખત
ગંદી=મેલી, ગોબરી.
ડીલે=શરીરે,
ગાંડી=ઘેલી.
અરે=ઓ.
મેલા=ગંદા.

ડીલે=શરીરે

પાઠ ૪૩ મો.

ઓળખી=જાણી
ખેતર=દાણા પાકેછે તે વગડો.
મજુરી=મહેનત.
રાખજે=સાચવજે.
કાચુ=પક્યા વગરનું
અનાજ=દાણા.

પાઠ ૪૪ મો.

બોલો=કહો.

પાઠ ૪૫ મો

બાકી=અધુરી.
દળી-લોટ કરી.
રોજ=હમેશાં.
લોટ=આટો.

પાઠ ૪૬ મો.

કને=પાસે.
ઉઠે=ઉભી થાય.
સુતી=ઉંઘી ગઇ.
અજાણી=ઓળખાણ વગરની.

પાઠ ૪૭ મો.

ચાગે=ખાવાનું.
ગોધો=બળદ, આખલો
ઘાસ=ખડ.

પાઠ ૪૮ મો.

સમજણ=અકલ.

પાઠ ૪૯ મો.

પારખો=ઓળખો.

પાઠ ૫૦ મો.

ગેનો=ગાંડો.
નઠારં=ખરાબ.

પાઠ ૫૨ મો.

ખાંધે=ખંભે.

પાઠ ૫૩ મો.

કાદવ=કચરો
હળ=ખેતર ખેડવાનું ઓજાર.

પાઠ ૫૪ મો.

માળા=પંખીને રહેવાનું ઠેકાણું.

પાઠ ૫૫ મો.

લેખણ=કલમ.
ઉમેરીએ=વધારીએ.
જોડે=સાથે.
ઉલટા=અવળા.

પાઠ ૫૬ મો.

પાપ=દુકાની.

પાઠ ૫૭ મો.

મીંડુ=શુન્ય.

શીખામણની વાત.

નિત્ય સવારે વહેલા ઉઠવું જી
ઇશ્વરનું ધ્યાન ધરવું જી
માબાપને પગે લાગવું જી
માબાપ કહે તેમ કરવું જી
દાતણ પાણી કરવું જી
સ્લેટ દફ્તર લેવું જી
ભણવાનો સામાન સાથે રાખવો જી
નાગા નિશાળે ન આવવું જી
રોજ વહેલા નિશાળે આવવું જી
શિક્ષકોને સલામ કરવી જી
શિક્ષક કહે તેમ કરવું જી
શિક્ષક કહે ત્યાં બેસવું જી

અદપ કદી નહિ છોડવીજી
વાંચ કહેતો વાંચવુંજી
લખ કહેતો લખવુંજી
વાંચતાં વાંચતાં વાત ન કરવી
વાત કરીએતો ઠપકો મળે
ઠપકો મળે તો વસમું લાગે
ઉઠ કહેતો ઉઠવુંજી
બેસ કહેતો બેસવુંજી
ચિત લગાડી ભણવુંજી
શિખતા નહિ શરમાવુંજી
ભણતા નહિ ગભરાવુંજી
કોઇનું જોઇ ન લખવુંજી
ન આવડેતો શીખવુંજી
રોજ કાંઇ નવું શીખવુંજી
નિશાળમાં નહિ ખાવુંજી
નિશાળમાં તોફાન ન કરવુંજી
રજા વગર ઘેર ન રહેવુંજી
કામ હોયતો રજા લેવીજી
ગેરહાજર રહેતો સોટી વાગે
સોટી વાગે વસમું લાગે
સ્લેટ દફતર સાચવવાજી
કાગ પાડી ન ફાડવાજી
ટુંકી કલમો નહિ રાખવીજી
ચોપડીની ભીખ ન માગવીજી
માર્ગમાં તોફાન ન કરવુંજી
ઘેર તોફાન ન કરવુંજી
શરીરે લુગડાં સાફ રાખવાજી
નહાઇ ધોઇને જવુંજી
રોજ ઘેર લખવું વાંચવુંજી
આખો દહાડો ઘેર ન રહેવુંજી
રીસાવાની ટેવ ન રાખવીજી
રોજ સાંજે સોપાટ લેવીજી
રસ્તામાં નહિ ખાવુંજી
રઝળતા રઝળતા ન ચાલવુંજી
કદી ભુંડું ન બોલવુંજી
પારકી જણસ ના લેવીજી
જડેતો ગુરૂજીને દેવીજી
વાંક પડેતો માનવુંજી
જૂઠું બોલી ન છુપાવવુંજી
કજીઓ કદી ન કરવોજી
જુગટે કદી ન રમવુંજી
કદી બંધાણ ન કરવુંજી
કોઇપર ખાર ન કરવોજી
બધા સાથે પ્રેમ રાખશોજી
શીખામણ સૌ હૈયે રાખવીજી
તો ગુરૂજીને વહાલા લાગશોજી
ભણે ગણે તે રાજા જી
ન ભણે તે ગાંડાજી
એવું જાણી સૌ ભણજોજી
તો સુખે મોજ કરશોજી

પદાર્થ પાઠો.

પાણી વિષે.

જુઓ, આ લોટામાં શું છે? **પાણી** છે. એનો રંગ કેવો છે? **ધોળો.** છે. દૂધનો રંગ કેવો છે? **ધોળો.**

પાણી દુધ જેવું ધોળા રંગનું છે? **ના.**

ત્યારે કહો પાણી કેવા રંગનું છે? સાહેબ! **રંગ વગરનું છે.**

દૂધમાં પૈસો નાંખું તો **આરપાર** જણાય છે? ના.

શેમાં આરપાર જણાય છે? **પાણીમાં** અને **કાચમાં.**

આરપાર જણાય તે કયો ગુણ કહેવાય? **આરપાર દેખાય તેવો.**

ત્યારે કહો પાણીના કયા બે ગુણ જાણી શક્યા? **૧ રંગ વગરનું ૨ આરપાર દેખાય તેવું.**

પાણીને સુંઘો ગંધ આવે છે? ગંધ આવતી નથી.

ગુલાબના ફુલ સુંઘો? સારી ગંધ આવે છે.

ગંધ આવે એ કેવું કહેવાય? ગંધવાળું કહેવાય.

પાણી કેવું કહેવાય? **ગંધ વગરનું.**

કેમ? તેમાં **ગંધ આવતી નથી.**

પાણીને ઢોળીએ તો શું થાય? **રેલો** ચાલે.

ખાંડને ઢોળીએ તો? રેલો ચાલતો નથી.

કઇ ચીજોનો રેલો ચાલે છે? પાણી, દૂધ, તેલ, અને છાશનો.

રેલો ચાલે તે શું કહેવાય? **પ્રવાહી કહેવાય.**

સાકર નાંખેલું પાણી ચાખી જુઓ? **ગળ્યું લાગે છે.** એકલું પાણી ચાખો? **મોળું** લાગે છે. મીઠું નાંખેલું ચાખો? **ખારૂં લાગે છે.**

પાણી કેવા સ્વાદનું છે? **સ્વાદ વગરનું છે.**

કહો ? પાણીના કયા કયા ગુણ જાણ્યા ?

ગુણ—રંગ વગરનું, સ્વાદ વગરનું, પ્રવાહી, આરપાર દેખાય તેવું, વાસ વગરનું અને ફાયદાકારી.

ઠીક. હવે પાણી શા ઉપયોગમાં આવે છે તે કહો?

ઉપયોગ—૧ તે પીવાના કામમાં **૨ રાંધવાના** કામમાં **૩ અને નહાવા ધોવાના** કામમાં આવે છે. ખરાબર.

જુઓ ?પાણીને ખુબ ઉકાળવાથી તેની **વરાળ** થાય છે.

કાચ વિષે.

જુઓ, આ કઇ કઇ જાણશો છે ? કાચની શીશી, ચશ્મા, પીતળનો પ્યાલો અને ચાક. આ શીશીમાં શું છે? **ચાક** છે.

શાથી જાણ્યું? શીશીમાં જોઇ શકાય છે માટે.

પીતળના પ્યાલામાં શું છે? **દેખી શકતા નથી.** ચશ્મા ચડાવી જુઓ? પ્યાલો દેખાય છે પણ ચાક દેખી શકતા નથી.

કેમ ? કાચમાં **આરપાર** (સોંસરૂં) દેખાય છે ને પીતળના પ્યાલામાં દેખાતું નથી. આરપાર શેમાં દેખાય છે? પાણીમાં, કાચમાં અને અબરખમાં પણ દેખાય છે.

કાચ ને પીતળના પ્યાલાના **મળતા** ગુણ કહો? લીસો, કઠણ, ચળકતો. **જુદા પડતા** ગુણ કહો ? પીતળના પ્યાલામાં આરપાર જોવાતું નથી ને કાચમાંથી જોવાય છે.

કાચને પાણો મારીએ તો ? ઝટ ભાંગી જાય. લાકડાને પાણો મારીએ તો ? ઝટ ભાંગતું નથી. કઇ ચીજો ઝટ ભાંગતી નથી ? પાણો, લોઢું, લાકડું. ઝટ ભાંગે એ કેવો કહેવાય ? **બરડ** કહેવાય. ઝટ ન ભાંગે

એ કેવો કહેવાય? **નક્કર** કહેવાય. કાચ કેવો કહેવાય? બરડ કહેવાય. કેમ? ઝટ ભાંગે છે માટે. કાચના ગુણો તમે કયા કયા જાણ્યા?

ગુણ—**લીસો**, કઠણ, **પારદર્શક**, **ચળકતો** ને **બરડ.**

કહો? કાચ શા કામમાં આવે છે?

ઉપયોગ—કાચની શીશીઓ, પ્યાલા, ચશ્મા, ફાનસ, હાંડી, ઝુમ્મર, દર્પણ વગેરે ઘણી ચીજો બને છે. વળી કાચને બારી બારણામાં જડે છે.

માટીનું વાસણ.

માટીનું શું થાય છે? **વાસણો.** કોણ બનાવે છે? **કુંભાર.** શી રીતે બનાવે છે? ખબર નથી.

જુઓ? માટીમાં પાણી રેડી ગારો કરી ખૂબ ખુંદે છે. **પછી** વાસણ કરવું હોય, તેટલો માટીનો લોંદો લઇ, **ચાક** ઉપર મૂકી કાચો ઘાટ કરે. પછી કુંભાર **ટપલાવતી** ઘડી પાકો ઘાટ કરે. આ વાસણો વાપરી શકાય? ના. કેમ? કાચાં છે માટે ભાંગી જાય.

વાસણો ક્યારે વાપરી શકાય? **ભઠ્ઠીમાં** પકવે ત્યારે.

ન પકવે તો? તરત ભાંગી જાય.

માટીના કયા કયા વાસણો થાય છે? મોરીઓ, માટલાં, ગોળો, કથરોટ, તાવડી, બતક, ચંબુ, રામપાતર, કોડીઆં, હાંલ્લાં દોણી, કુંજા, નળીઆં, વગેરે ઘણાં થાય છે.

એમાં પાણી રેડીએ તો? પાણી પી જાય. શાથી પી જાય? માટી છિદ્રાળુ છે માટે. છિદ્રાળુ એટલે શું? દેખાય નહીં એવા ઝીણા કાણા જેમાં હોય તે.

લ્યો આ વાદળીને પાણીમાં નાંખો? પાણી ચુસી લીધું. કાચને પાણીમાં નાંખો? પાણી ચુસતો નથી.

કેમ ? વાદળી છિદ્રાળુ છે ને કાચ છિદ્રાળુ નથી. **કઇ કઇ ચીજો છિદ્રાળુ છે? ગરણું, વાદળી, રોટલી, બ્લોટીંગ કાગળ, જારનો રોટલો, અને માટી.**

આ વાસણને પાણો મારીએ તો ? ભાંગી જાય. કેમ ? બરડ છે માટે.

કઇ ચીજો ન ભાંગે ? લોઢું, પથરા, લાકડું. આ શું છે ? ચામડું. તેને વાળીએ તો ? વળે છે. તેને તોડીએતો ? નથી તૂટતું. તેને પાણો મારીએ તો ? ભાંગતું નથી. માટીના ગુણ કહો ?

ગુણ—છિદ્રાળુ, બરડ, કઠણ, ટકોરો મારતાં અવાજ કરે એવું, એટલા ગુણો જાણ્યા. ઠીક.

માટીના વાસણો શા ઉપયોગમાં આવે છે ?

ઉપયોગ—તે અનાજ ભરવાના, રાંધવાના, અને પાણી ભરવાના કામમાં આવે છે.

રેતી વિષે.

જુઓ, આશું છે? લાલ રેતી ને કાળી રેતી. રેતી શેની થએલી છે? પથરાની ભુકીની.

જુઓ ? કાળી રેતી એ કાળા પથ્થરની ભુકીની થએલી છે. જેવા રંગના પથરાની તે બને તેવા રંગની તે થાય છે. રેતી ક્યાં જોવામાં આવે છે? **નદીમાં**-રેતીને હાથમાં લઇ તેના ગુણ કહી જાઓ.

ગુણ—જુદા જુદા રંગની, કરકરી, તેનો થોકડો હોય તો **પોચું** લાગે એવી, ઉંચેથી રેડતાં **ધાર** થાય તેવી, **પીગળે નહીં** એવી અને વજનમાં **ભારે** છે. રેતી શા ઉપયોગમાં આવે છે ?

ઉપયોગ—ચુનામાં ભેળવવામાં, વરસાદમાં ગારો ન થાય માટે શેરી કે ફળીમાં પાથરવામાં, સડકોપર છાંટવામાં અને કલા-

કની શીશીમાં ભરવામાં, અરસપરસ વેહેરવામાં અને **કાળી રેતી**—શાહીથી લખેલા અક્ષરો ઉપર નાંખવામાં વપરાય છે.

નળીઆ વિષે.

જુઓ, આ કુંભાર નળીયા કરે છે. એ શેનાં થાય છે? માટીના. આ લાકડાનું શું છે? એતો પૈડા જેવું ફેરવવાનું **ચાક છે.**

જુઓ? માટીનો લોંદો લઇ ચાક ઉપર મૂકે છે. અને પછી ચાકને ફેરવીને હાથવતી માટીનો પોલા ભુંગળા જેવો ઘાટ કરી તેની ઉભી બે ફાડ કરે છે, તેથી નળીયા જેવો ઘાટ બની રહેછે. આ નળીઆને કેટલાક દિવસ તડકે સુકાવા દેછે. આ શું છે? **ભાઠી** તેમાં શું કરે છે? નળીયાં પકવે છે.

નળીયું હાથમાં લઇ ગુણ કહો?

ગુણ—**જરા રતાશ પડતું, કઠણ, બરડ, ખરસટ, અવાજ થાય એવું અને વજનદાર.**

નળીયાનો ઘાટ આવો કેમ કરે છે? આવો ઢાળવો ઘાટ ન કરે, તો વરસાદનું પાણી જઇ શકે નહીં. શા માટે નળીઆ બનાવે છે? છાપરા ઉપર ઢાંકવાને માટે. ન ઢાંકે તો? વરસાદનું પાણી ઘરમાં પડે. પતરા ઢાંકે તો? તપી જાય, વળી પેસા વધારે બેસે. વિલાયતી નળીયાં જોયાં છે? હા. સ્ટેશનના છાપરા ઉપર વિલાયતી નળીયાં છે. એનો ઘાટ આ નળીયા જેવો છે? ના. એતો ત્રણ હથેળી જેવડા પહોળા છે. નળીયા શા ઉપયોગમાં આવે છે?

ઉપયોગ—છાપરાપર ઢાંકવાને માટે, વળી બે નાળો ભેગી કરી દીવી જેવું કરે છે.

નારંગીઆ અને જાંબુઆ રંગની ઓળખાણ.

છોકરાઓ? તમે કયા કયા રંગ ઓળખો છો? **રાતો, પીળો અને વાદળી.** એટલા રંગ ઓળખીએ છીએ.

રાતો રંગ કયો? લોહીનો, ચણીઓરનો કંકુ ને ચણોઠીનો.

પીળો રંગ કયો? હળદર ને પાકાં લીંબુનો.

વાદળી રંગ કયો? આકાશનો અને ગળીનો.

આ શું છે? **નારંગી ફળ.** એનો આકાર કેવો છે? **ગોળ.**

ગોળ આકાર કયા કયા છે? લીંબુ, દડા, લખોટા.

નારંગી જેવો રંગ શી રીતે થાય? ખબર નથી. લ્યો રાતાથી બમણો પીળો ભેળવો આનો નારંગીના જેવો રંગ થયો. નારંગી રંગ શું ભેળવવાથી થયો? રાતો અને પીળો.

આ શું છે? જાંબુડા એનો રંગ કેવો છે? કાળો. વાળ કેવા છે? કાળા. ત્યારે જાંબુડા વાળ જેવા કાળા છે? ના.

જાંબુડાનો રંગ **જાંબુઓ** છે. તે શી રીતે થાય છે? ખબર નથી. લ્યો. રાતા જેટલો વાદળી નાંખો. આતો બરાબર જાંબુઓ થયો. શાથી થયો? રાતામાં વાદળી ભેળવવાથી.

આ રંગો કેવા કહેવાય? **મિશ્રરંગો** કહેવાય.

કેમ? બીજા રંગની મેળવણી કરવાથી **નારંગીઓ** અને **જાંબુઓ થયો** માટે.

કયા કયા રંગ મિશ્ર નથી? **રાતો, પીળો,** અને **વાદળી** તે રંગો શાથી થયા? મુળથીજ ત્રણ રંગો છે. બરાબર. આ રંગો કોઇપણ રંગની મેળવણીથી થયા નથી. હવે તમે યાદ રાખજો કે, રાતો ને પીળો રંગ મેળવવાથી **નારંગીઓ** રંગ થાય છે. અને રાતો ને વાદળી મેળવવાથી **જાંબુડીઓ** રંગ થાયછે.

પોલાદ લોઢું.

પોલાદ શેનું થાય છે? **લોઢાનું**. આશું છે? ચપ્પુ. એ શેનું છે? **પોલાદનું**. પોલાદનું શું શું થાય છે? ધારવાળાં ઓજારો પોલાદના થાય છે. તેના નામ કહો? તરવાર, બરછી, છરી, છરો, કોશ, કાતર, અસ્ત્રા, વાંસલો, રંદો, કરવત, સુડી.

લોઢાના થાય કે નહીં? થાય ખરા પણ ભાંગી જાય. તે પોલાદ જેવા ધારવાળાં થાયનહીં. પોલાદના કયા કયા ગુણ જાણો છો?

ગુણ—કઠણ, ઓપેતો ચળકે તેવું, સફાઈદાર, ધાર નીકળે તેવું, રણકો લાગે તેવું, તોલદાર (ભારે) ઓગળે એવું, ઝટ વળી ન જાય એવું.

ખારૂં, તીખું ને કડવું.

આ કઇ કઇ જણશો છે? ગોળ, ખાંડ, મીઠું, ચાક, લીંબડાનું પાન, આદુ, અને લીંબુ.

ગોળનો સ્વાદ કેવો છે? ગળ્યો. ખાંડનો? **ગળ્યો**. આ કટકો ચાખો? **ખારો** લાગે છે. કેમ? તે મીઠું છે. તેનો સ્વાદ કેવો છે? **ખારો**. ખાંડનો રંગ કેવો છે? **ધોળો**. મીઠાનો રંગ કેવો છે? **ધોળો**. સ્વાદમાં સરખા છે? ના કેમ? મીઠું **ખારૂં** છે ને ખાંડ **ગળી** છે. ત્યારે શેમાં સરખા છે? **રંગમાં**. ચાકનો રંગ કેવો છે? **ધોળો**. તે ગળ્યો છે? ના. ખાટો છે? **ના.** તીખો છે? **ના.** કડવો છે? ના. ત્યારે સ્વાદ કેવો છે? **સ્વાદ વગરનો છે**. ગોળનો રંગ કેવો છે? **રાતો**. ચણીબોરનો રંગ કેવો છે? **રાતો**. સ્વાદમાં સરખા છે? ના. કેમ? ગોળ ગળ્યો છે, ને ચણીબોર ખાટાં છે. ગળી ચીજો કઇ કઇ? સાકર, ગોળ, ખાંડ. આ શું છે? કારેલાં. આ શું છે? કાચી કેરી. શેમાં સરખા છે?

રંગમાં. શેમાં જૂદાં છે? સ્વાદમાં કેમ? કારેલાં કડવાં છે? અને કાચી કેરી ખાટી છે. કડવી જણુશો કઇ? કારેલાં, કરીઆતુ, વીખમો, લીમડાનું પાન. ખાટી જણુશો કઇ? ચણીબોર, આંબલી, લીંબુ, કાચી કેરી, તીખી જણુશો કઇ? મરચાં, મરી, લવીંગ, તજ, આદુ વગેરે.

સોનું, રૂપું, અને ત્રાંબાના ચલણી સિક્કા

છોકરાઓ, આ શું છે? તમે એકેક જણ કહી જાઓ. પાઇઓ છે, પૈસા છે, ઢબુછે, અધેલા છે, રૂપિયો છે, અરધો છે, પાવલી છે, બેઆની છે.

કહો આ શું છે? સોના મહોર છે. આ બધું શું કહેવાય? **નાણું** કહેવાય. નાણામાં શું શું આવે? પાઇઓ, અધેલા, પૈસા, ઢબુ, રૂપિયો, અરધો, પાવલી, બેઆની અને સોનામોહોર આવે. આ શું છે? પૈસા ને ઢબુ છે. એ શેના બનેલા છે? **ત્રાંબાના**. ત્રાંબાનું શું બને છે? પાઇઓ, અધેલા, ઢબુ અને પૈસા. એ શું કહેવાય છે? **ત્રાંબાનાણું**. ત્રાંબાનું બીજું શું થાય છે? વાસણો થાય છે. આ શું છે? રૂપિયો. શેનો થયેલો છે? રૂપાનો. આમાં રૂપાનું શું શું છે? બેઆની, પાવલી, અર્ધો અને રૂપિયો. એ શું કહેવાય છે? **રૂપાનાણું**. એ શેનું થાય છે? **રૂપાનું**. રૂપાનું બીજું શું શું થાય છે? ઘરેણાં, વાસણ.

આ શું છે? સોનાની મોહેર.

જુઓ? એ સોનાનાણું છે અને તે વિલાયતમાં ચાલે છે. સોનાનું બીજું શું થાય છે? ઘરેણાં થાય છે. ત્રાંબાનાણું કયું? પાઇઓ, અધેલા, પૈસા, ઢબુ. **રૂપા**નાણું કયું? રૂપીઓ, અર્ધો, પાવલી, બેઆની. **સોના**નાણું કયું? મહોર. આ બધું શું કહેવાય? **ચલણી નાણું કહેવાય.** આપણા મુલકમાં કેવું

નાણું ચાલે છે ? ત્રાંબાનાણું અને રૂપાનાણું. સોનાનાણું કયાં ચાલે છે ? વિલાયતમાં. છોકરાઓ જુઓ ? આ દરેક ચલણી નાણાના ઉપર એક તરફ અંગ્રેજી અક્ષર પાડેલા છે ને બીજી તરફ માણસનું મોરૂં છે. આ મોરૂં વિલાયતમાં રાજ કરનારનું હોય છે.

ઝાડ, છોડ અને વેલાઓની ઓળખાણ.

છોકરાઓ ચાલો આજે વાડીમાં કાંઇક બતાવું. જુઓ? આ બધા છોડ છે. આ શું છે ? મોટો વડ છે. જુઓ? આ ભોંય સાથે પથરાએલા વેલા છે. આ ઉંચા ચડેલા તુંબડી ને કોળાના વેલા છે. કહો ? આ બધાં શું કહેવાય ? ઝાડ કહેવાય. ઠીક. પણ તે બધાં સરખાં છે? ના. વડનું ઝાડ ઉંચુ છે ને કપાસનો છોડ નાનો છે. આ ભોંય સાથે પથરાએલા છે એ ઝાડ કહેવાય ? ના. છોડ કહેવાય ? ના. કેમ ? તે ઝાડ છોડની પેઠે સીધા ઉભા રહેલા નથી. ત્યારે શું કહેવાય ? વેલા. જુઓ હવે સમજ્યા.

કહો? ઝાડ કયા કહેવાય? મોટાં ને ઉંચા હોય તે ઝાડ કહેવાય. છોડ કયા કહેવાય ? ઝાડથી નાના હોય તે છોડ કહેવાય. વેલા કયા કહેવાય? ભોંય સાથે પથરાએલા હોય તે વેલા કહેવાય. ઝાડના નામ દો? આંબલી, લીમડો, પીપળો, વડ, બોરડી, કેળ, ખજૂરી, નાળીએરી, આંબો વગેરે. છોડના નામ દો ? કપાસના, અનાજના, મોગરો, ગુલાબ ને કઠોળ વગેરેના.

વેલાના નામ દો? કીભડાનો, કોળાંનો, ઝીંસોડા, તુંબડી, કારેલા, વાલોળ વગેરે ઘણા છે.

ઝાડ ને છોડનું મળતાપણું કહો? બંનેને પાંદડાં ને ફૂલો થાય છે. બંને મૂળ વડે સિધા ઉભા રહે છે. પણ ઝાડ જેટલા છોડના મૂળ ઉંડા ગએલા હોતા નથી.

જુદાપણું કહો? ઝાડ ઉંચા ને મોટાં હોય છે, ને છોડ તેથી ઘણા નાના ને સીધા હોય છે. ઝાડનું થડ મજબૂત હોયછે, તેવું છોડનું હોતું નથી. ઝાડના જેવી લાંબી લાંબી ડાળો છોડને હોતી નથી. મોટા ઝાડના છાંયા જેવો છોડનો છાંયો થતો નથી. ઝાડ ને ફળ થાય છે પણ છોડને થતા નથી.

ઝાડ ને વેલામાં શું ફેર છે? ઝાડ, છોડની પેઠે વેલા સીધા ઉભા રહેતા નથી, પણ ભોંયે પથરાએલા હોય છે. ઝાડની પેઠે મૂળ, થડ ને લાંબી ડાળો વેલાને થતી નથી. **ઝાડ ને વેલાનું મળતાપણું કહો?** બંનેને પાંદડાં, ફૂલ ને ફળ થાય છે.

ઝાડ, છોડ ને વેલા શાથી મોટા થાય છે? **પાણીથી.**

પોપટ વિષે.

જુઓ આ પોપટ છે. તેને કેટલા પગ છે? બે. શા કામમાં આવે છે? ચાલવાના. જનાવરો શાથી ઉડી શકે છે? **પાંખો** વતી. પાંખો ન હોયતો? ઉડી શકે નહીં. ઉંદર ખીસકોલી ઉડી શકે? ના. તેતો અધર ચડી શકે. ઉડી શકે નહીં કેમ? તેને પાંખો નથી માટે. પાંખો કેટલી હોય? બે. બે પાંખોવાળા જનાવરના નામ દો? ચકલી કાગડો, કબુતર, મોર, કુકડો, સમડી, કાબર, હોલો, પોપટ વગેરે ઘણા છે. અને તે બધાં પક્ષીઓ કહેવાય છે.

પક્ષી માળા ક્યાં બાંધે છે? ઝાડે કે ઉંચી જગ્યાએ.

નીચે માળા કેમ બાંધતા નથી? તેના બચ્ચાંને બિલાડાં કૂતરા વગેરે મારી નાંખે. પક્ષીઓ શેનાથી ખાય છે? ચાંચથી. શું ખાય છે? અનાજ, ફળ, જીવડાં વગેરે ખાય છે. પોપટને કેમ પાળે છે? જેવું શીખવીએ તેવું બોલતાં શીખે છે માટે. અમારા ઘરે પોપટ છે તે સીતારામ બોલે છે. પોપટને શેમાં રાખી પાળે છે? નાના

પાંજરામાં કાગડા ને કેમ પાળતા નથી? તે પોપટ જેવું બોલતા શીખતો નથી. પોપટ અને કબૂતરને સરખાવો? બંનેને બે પગ ને પાંખો હોય છે. પણ પોપટની પાંખે પૂંછડી જેવું હોય છે. બંનેને પાળે છે. પણ પોપટ જેવું કબૂતર બોલતા શીખતું નથી. બંને ઉંચે માળા બાંધે છે. પોપટનો રંગ લીલો છે ને કબૂતરો આસમાની ને ધોળાં છે. પોપટની ચાંચ રાતી નમેલી ને કઠણ છે, ને કબૂતરની ધોળી ને નરમ છે. જુઓને! જનાવરો સાથે હેત રાખવાથી આપણા સાથે કેવાં હળી જાય છે.

ભેંશ વિષે.

જુઓ? આ કાળી, ભુરી અને ચાંદરી ભેંશો કેવી ભોંય ઉપર ચરે છે. તેને કેટલા પગ છે? ચાર. કેવા છે? ટુંકા ટુંકા. પગે શું છે? ખરી છે. ખરી કોને હોય? ગાયને, બકરીને અને ભેંશને. તેને કેટલા આંચળ છે? ચાર. બકરીને કેટલા હોય? બે. તેની ડોક કેવી છે? નીચી છે તેથી જમીન ઉપર ચરી શકે છે. તેની ચામડી કેવી છે? સુંવાળી ને કઠણ છે. વળી ટુંકા ટુંકા વાળ ઉગેલા છે. તેનું પૂછડું કેવું છે? લાંબું ને છેડે વાળના ગુચ્છા વાળું છે. તે શા કામમાં આવે છે? મછર, ડાંસ કરડે તો પુછડાથી ઉડાડે છે. તેના શીંગડાં કેવા છે? અણીદાર વળેલા છે. મોઢું કેમ હલાવ હલાવ કરે છે? વાગોળે છે માટે.

જુઓ? ભેંશને પાણીમાં રહેવું બહુ ગમે છે. ગાય કરતાં ભેંશ વધારે દૂધ કરે છે. બકરી બેં બેં કરે છે ને ગાય ભેંશ બરાડે છે. બકરી લીંડીઓ કરે છે ને ગાય ભેંશ છાણના પોદળા કરે છે. તેના છાણા બાળવાના કામમાં આવે છે. ચાર જબરી ભેંશો એક વાઘને મારી નાંખે છે.

છોકરાઓ ? સુવાવડી ગાય ભેંશના દુધના ખીરાની બળી ખાવી નહીં. તે ખાવાથી શરીર બગડે છે. ભેંશને ડોબું કહે છે, તેના બચ્ચાને પાડી કે પાડો કહે છે.

ઘોડા વિષે.

છોકરાઓ ? ઘોડારમાં ચાલો તમને ઘોડા બતાવું. જુઓ ! આ ઘોડીઓ પાસે નાની વછેરીને વછેરા કેવા કૂદે છે. આ કાબરચીતરા, કાળા ને રાતા ઘોડા કેવા હણહણે છે. કહો, એ શું ખાય છે ? ખડ ખાય છે. તેના ઉપર હાથ ફેરવો ? ઝીણા સુંવાળા વાળ છે. તેનું પૂછડું કેવું છે ? મોટું લાંબા વાળનું છે. તેના પગે શું છે ? નાળ જડેલા છે. શામાટે ? તેને ચાલતાં કાંકરા વાગે નહીં માટે. જુઓ ? તેની ડોકે કેવા વાળ છે. એ શું કહેવાય ? **કેશવાળી.** જુઓ ? આ સ્વાર કેવો ઘોડાને દોડાવે છે ? ઘોડા શા કામમાં આવે છે ? બેસવાના, ભાર ઉચકવાના ને ગાડીએ જોડવાને કામ લાગેછે. નાના ઘોડાને શું કહે છે ? ટટ્ટુ કહે છે.

ઘોડાઓની **લાદ** ખાતર કરવાના ઉપયોગમાં આવે છે. રાજાઓ ઘોડા બહુ રાખે છે. અને કાઠિયાવાડના ઘોડા ઠીક વખણાય છે. જુઓ ? ઘોડાને સારૂં ખવરાવીએ ને સંભાળ રાખીએ, તો બહુજ કામ કરે છે. અને તેના ઉપર હેત રાખીએ તો આપણા સાથે હળી જાય છે.

સ્લેટનો આકાર.

જુઓ, આ સ્લેટને લાંબી બાજુઓ કેટલી છે ? બે. ટુંકી બાજુઓ કેટલી છે ? બે. કહો તેની બધી બાજુઓ સરખી છે ? ના. કેમ ? બે લાંબી બાજુઓ સરખી છે અને બે ટુંકી બાજુઓ સરખી છે. લ્યો ત્યારે લાલ કાગળની બે લાંબી બાજુઓ સરખી

કાપો ? — હવે લીલા કાગળની બે ઉભી ટુંકી બાજુઓ કાપો? | | હવે બધી પટીઓ મેળવો કહો કેવો આકાર થયો ? **લંબ ચોરસ.** ચોરસને કેટલા ખુણા હોય ? ચાર. કેવા હોય ? **કાટખૂણા?** જુઓ. આ કેવો આકાર થયો ? **લંબ ચોરસ** કેમ ? બે આડી લીટીઓની લંબાઇ સરખી છે અને બે ઉભી લીટીઓની લંબાઇ સરખી છે. પીળા કાગળની બે આડી પટી કાપો — હવે નારંગીઆ કાગળની લાંબી ઉભી પટી કાપો ? | |


હવે બધી પટી મેળવો કહો કેવો આકાર થયો ? લંબ ચોરસ

લંબ ચોરસના નામ આપો ? **સ્લેટ, પલંગ, કમાડ, પેટી** વગેરે ઘણા છે.

કાગળની તખ્તીઓ જુદા જુદા આકારની.

કહો ? લંબ ચોરસ અને ચોરસમાં શું ફેર છે ? ચોરસની આડી ને ઉભી બાજુઓ સરખી હોય છે, અને લંબ ચોરસની હોતી નથી. લ્યો ત્યારે પીળા કાગળની બે આડી પટી કાપો ? — હવે તેવડીજ લીલા કાગળની બે ઉભી પટી કાપો ? | | હવે બધી પટી ભેગી મેળવો. કહો કેવો આકાર થયો ? **ચોરસ** થયો. જુઓ કાળા કાગળની ઉભી પટી કાપો ? | તેના જેવડી નારંગીઆ કાગળની આડી પટી કાપો — હવે બે પટીઓ મેળવો કહો કેવો આકાર થયો ? **કાટખૂણો** થયો. ધોળા કાગળની ઉભી ત્રાંસી પટી કાપો. \ તેના જેવડી કાળા કાગળની આડી ત્રાંસી પટી કાપો ? / હવે પીળા કાગળની આડી લાંબી પટી

કાપો ? — બધી પટી મેળવો. △ કહો કેવો આકાર થયો ? ત્રિકોણ થયો ? ત્રિકોણ એટલે ત્રણ, અને કોણ એટલે ખૂણા. એટલે ત્રણખૂણા. કહો આ કેવો આકાર છે ? \/ /\ એ કાટખુણા છે. જુદા જુદા આકારના ત્રિકોણોની પટીઓ કાપો ?



શીખામણના શબ્દો.

(૧) હમેશાં સવારમાં વહેલા ઉઠી દેવ દરશન કરીને નિશાળે જવું.

(૨) વખતસર નિશાળે જવું. અને વગર કામે ગેરહાજર રેહેવું નહીં.

(૩) ભણાવનાર મેહેતાજી અને માબાપનું કહ્યું માનવું.

(૪) ભણવામાં બરાબર મન રાખવું, પણ રમવામાં મન રાખી રખડવું નહીં.

(૫) ચોરી કરવી નહીં અને જૂઠું બોલવું નહીં.

(૬) રસ્તામાં અને નિશાળમાં કોઇ જોડે તોફાન કરવું નહીં

(૭) પોતાની સાથે ભણનારા છોકરાઓને ભાઇ જેવા ગણવા.

(૮) શીખેલા આંક ભૂલી ન જઇએ માટે રાત્રે મોપાટ લઇ સૂઇ જવું.

(૯) ભણવામાં મહેનત લઇ જેમ ઉપર નંબર આવે તેમ કરવું.

(૧૦) દાતણ કર્યા સિવાય અને નાહ્યા સિવાય જમવું નહીં.

(૧૧) શરીરે ધોએલાં સાફ લૂગડાં પહેરવાં.

(૧૨) જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે, તેમ થોડે થોડે ભણવાથી સારૂં ભણાય છે.

(૧૩) નઠારા વચન બોલવા નહીં અને કોઇને ગાળો દેવી નહીં.

ઉપરની શીખામણો પ્રમાણે જે છોકરાઓ ચાલશે તે ગુણવાન થઇ સુખી થશે. અને બધાને તેઓ વહાલા લાગશે.

(૧૪) બીજાને ન આવડતું હોય તો શીખવવું.

સાહેબ !

બીજાં, ત્રીજાં, [illegible]

ચાલીસ પૈસાની [illegible]

ત્યારે, ૨૦૦ પુસ્તકોની [illegible]

જે સંખ્યામાં મોકલેલા છે, [illegible]

સ્થાન મળી કે સરલતાથી [illegible]

ખુબ ઉમંગથી હોંશ હોંશે [illegible]

પોતાને વધારેલું કરવાની જરૂર નથી. [illegible] પુસ્તકોમાં ના [illegible]

વધેલી સરલતાની સાથે રચાયેલા જોઈએ, [illegible] નો અધિકાર બધુજ મિલાવે છે. [illegible] પુસ્તકોની કિંમત નીચે પ્રમાણે રાખવામાં આવેલી છે.

ઘોરણ પહેલું રૂ. ૦-૨-૬ બીજું ૦-૩-૬ ત્રીજું ૦-૫-૦ ચોથું ૦-૬-૦ ઉપરની પુસ્તકો પોસ્ટેજ સાથ વી. પી. થી મોકલવામાં આવે છે.

☞ સ્કુલમાં ચાલતી વાંચનમાળાની પેઠેજ બીજા પુસ્તકોની નમુનાની બુક આપની કમીટીને આપવામાં આવે છે. કહેવા કરતાં કરી બતાવવું વધારે પસંદ કરી, [illegible] ઉત્તમ ભાવી સફળતા રાખી કામ કરવામાં આવે છે. [illegible] કામ પડેલું છે તેઓને અમારી નીતિની ખરેખરી ખાત્રી થએલી છે.

અમારી તરફથી બહાર પડતી નિશાળ પુસ્તક [illegible] કમીટીને [illegible] મંગાવી ખાત્રી કરી શકશે.

[illegible] ઓફીસ, [illegible]—અમદાવાદ. } [illegible]